Directorate of Accounts & Treasuries

ક.હિતિનિ/પે-સેલ યુનિટ/7th SPC/૨૦૧૬ તા.૨૬-૦૮-૨૦૧૬

પ્રતિ,
પગાર અને હિસાબ અધિકારીશ્રી,
પગાર અને હિસાબ કચેરી,
અમદાવાદ / ગાંધીનગર.

જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
જિલ્લા તિજોરી કચેરી,
_____ (તમામ)

વિષય: સાતમા પગાર પંચની ભલામણ અન્વયે IFMSમાં ઓનલાઈન પગાર બાંધણી કરવા બાબત.

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, સાતમા પગારપંચની ભલામણ મુજબ પે-ફિક્સેશનનું મોડ્યુલ IFMS UAT પર Deploy કરવામાં આવેલ છે. જે સરકારશ્રીની સૂચના મળ્યેથી IFMS Live પર Deploy કરવામાં આવશે. IFMS Live ના આ મોડ્યુલમાં પગાર બાંધણી કરવા નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવા આપશ્રીને જણાવવામાં આવે છે.

(૧) IFMS માં હાલ વિકલ્પ (option) આપનાર તથા NPA (Non Practicing Allowance) ધરાવનાર સિવાયના તમામ કર્મચારીઓની સાતમા પગારપંચ મુજબની પગારબાંધણી કરી શકાશે. આવા તમામ કેસોની પગારબાંધણી પૂર્ણ કરવા આપની કક્ષાએથી તમામ ઉપાડ અને ચુકવણી અધિકારીશ્રીઓને સૂચના આપવાની રહેશે.

વિકલ્પ (option) સ્વીકારેલ હોય અને NPA મેળવતા હોય તેવા કર્મચારીઓની પગારબાંધણી કરવા માટેની સુવિધા તા.૨૩-૦૮-૨૦૧૬ સુધીમાં IFMS માં Deploy કરવામાં આવશે. ઉકત પ્રકારના કેસોની પગારબાંધણીની કામગીરી ત્યારબાદ હાથ ધરવાની રહેશે.

(૨) નાણા વિભાગના તા.૦૬-૦૮-૨૦૧૬ ના પત્ર સાથે આપવામાં આવેલ નમુના મુજબના પત્રક (એક્સેલ શીટ)માં તૈયાર કરેલ માહિતી અને IFMS માં નિયત થયેલ પગાર બાંધણી બન્નેની ચકાસણી કરી યોગ્ય જણાયેથી તે અંગેનું પ્રમાણ પત્ર ઉપાડ અને ચુકવણી અધિકારીશ્રીની સહીથી પગારબીલ સાથે મેળવી લેવાનું રહેશે. પ્રમાણ પત્રનો નમૂનો આ સાથે સામેલ રાખેલ છે.

(૩) તમામ ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓ તરફથી સાતમા પગારપંચના રજુ થયેલ બીલોમાં દર્શાવેલ કર્મચારીઓ પૈકી ઓછામાં ઓછા ૨૫% કર્મચારીઓની પગારબાંધણી મુદ્દા નં (૨) માં જણાવેલ એક્સેલ શીટ મુજબ બરોબર છે તેની ચકાસણી કરવાની રહેશે.

(૪) IFMS માં Pay Fixation મોડ્યુલમાં તમામ કર્મચારીઓની વિગતો જેમકે, નોકરીમાં દાખલ થયા તારીખ, બઢતી, ઉચ્ચતર પગારધોરણ, ઈજાફો, વગેરે અપડેટ કરવાનું રહેશે. ત્યારબાદ જ સાતમા પગારપંચ મુજબનો Office order જનરેટ થઈ શકશે.

(૫) ૦૧-૦૧-૨૦૦૬ પહેલાંના કર્મચારીઓની પગારબાંધણી પગાર ચકાસણી એકમ (PVU), ગાંધીનગર દ્વારા approve થયેલ ન હોય તેવા કર્મચારીઓનું છઠ્ઠા પગારપંચ મુજબની પગાર બાંધણી PVU દ્વારા Approved થયા બાદ જ સાતમા પગારપંચ પ્રમાણેની પગારબાંધણી થઈ શકશે.

(૬) સરકારશ્રીની અન્ય સૂચના ન મળે ત્યાં સુધી માહે ઓગસ્ટના પગાર બીલો તા.૨૯-૦૮-૨૦૧૬ સુધીમાં સ્વીકારવાના રહેશે.

(૭) ઓનલાઈન પે ફિક્સેશન માટે IFMS મોડ્યુલમાં અનુસરવાની તબક્કાવાર કાર્યવાહીની વિગતો આ સાથે સામેલ છે.

બિડાણ: માર્ગદર્શક પગલાંઓ

નિયામક

નકલ સવિનય રવાના, પ્રતિ,

- સચિવશ્રી (આ.બા.), નાણાવિભાગ, બ્લોક નં-૪, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (પે સેલ), "મ" શાખા, નાણાવિભાગ, બ્લોક નં-૪, સચિવાલય, ગાંધીનગર.